ગાંધીનગર સમાચાર

તા. ૬-૫-૨૦૧૩, સોમવાર

## તંત્રી સ્થાનેથી.....

### પેટાચૂંટણીમાં કોંગ્રેસનું પાણી મપાઇ જશે

ગુજરાત કાળઝાળ ગરમીથી શેકાઈ રહ્યું છે. પાટનગરમાં વિક્રમ તોડ ગરમી પડી રહી છે. વૃક્ષોની નગરી હવે આસ્ફાલ્ટ (ડામર) અને સિમેન્ટ કોન્ક્રીટના શહેરમાં ફેરવાઈ ગઈ છે. રાજકારણની ગરમી પણ દેશભરમાં ગાંધીનગરથી ફેલાતી હોય ત્યાં ચૈત્ર જરા વધારે તપે એમાં શી નવાઈ? પરંતુ હજી વૈશાખ-જેઠની ખરી ગ્રીષ્મ ઋતુ તો બાકી જ છે. આવી આગ વરસતી મોસમમાં પાછી પેટા ચૂંટણી આવી પડી છે. સૌરાષ્ટ્રમાં આ ચૂંટણીમાં એકી સાથે કોંગ્રેસ, કોંગ્રેસના બળવાખોરો અને વડાપ્રધાનના દાવેદાર મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીનું માપ નીકળી જશે. કેશુબાપાનો એકડો તો ગઈ વિધાનસભામાં જ નીકળી ગયો હતો. પરંતુ લેઉવા પાટીદાર સમાજના ઝુઝારૂં નેતા વિઠ્ઠલ રાદડિયા માટે આ પેટા ચૂંટણી એમના અસ્તિત્વની લડાઈ પુરવાર થશે. એવું જ કારમી હાર પછી પણ પ્રદેશ પ્રમુખની ખુરશી બચાવવામાં સફળ રહેલાં અર્જુન મોઢવાડિયા માટે પણ કહી શકાય. બનવાજોગ કે તેઓ બાંધી મૂઠી ફેરવારકી ન ઊઘડી જાય એની ધાકમાં પોરબંદરની લોકસભાની પેટાચૂંટણીમાં પોતે જ ઊભા રહે એમ પણ બને. રાદડિયા પિતાપુત્રની જોડી દબંગ રાજકારણનો કાઠિયાવાડી નમૂનો છે. નરેન્દ્ર મોદી જેવા લોકપ્રિય નેતાને આવાં તત્ત્વો સાથે સાંઠગાંઠ કરવી પડે તે એમના ચાહકોને અને ભાજપના પાયાના કાર્યકરોને ભાગ્યે જ ગમ્યું હશે. કોંગ્રેસ પાસે ચૂંટણી જીતવા માટેની 'વિજિગીષા' ખૂટે છે. એમ ન હોત તો વિધાનસભાની ચૂંટણીમાં એના હાઈકમાન્ડે લોકસભાના ચૂંટાયેલા ઉમેદવારોને ન ઉતાર્યા હોત. ચૂંટણીમાં મળેલી શરમજનક હારને પગલે લોકસભાના સભ્યોને એમની વિધાનસભાની બેઠકો પરથી રાજીનામું આપવાનો આદેશ પણ પાર્ટીની નાદારી અને મજબૂરી જ ગણાય. રાદડિયાએ બળવો કર્યો પણ 'સોમા ગાંડા' માની ગયા. હવે એમની લીંબડીની બેઠક અંકે કરવાનું એમનું ગજું નથી રહ્યું. નરેન્દ્ર મોદીના નામનો દેશ અને દુનિયામાં ડંકો વાગતો હોય ત્યારે ગુજરાતમાં સ્વાભાવિક રીતે જ પેટાચૂંટણીમાં મોટા ભાગની બેઠકો ભાજપને જ મળે. બનાસકાંઠાની લોકસભાની બેઠક અને મોરવાહડફની વિધાનસભાની બેઠક કોંગ્રેસી ઉમેદવારોના અકાળ અવસાનથી ખાલી પડી હોઈ કોંગ્રેસી ઉમેદવારોને સહાનુભૂતિનો લાભ મળવાની શકયતા ખરી. પરંતુ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી એ બેઉ બેઠકો ભાજપની ઝોળીમાં આવે એવી પાકી વ્યૂહરચના અપનાવશે. કોંગ્રેસ પાસે મોદીનાં બરનો નેતા રાષ્ટ્રીય સ્તરે પણ ન હોય ત્યાં ગુજરાતમાં એમને ટક્કર આપે તેવું નેતૃત્વ ઊભું કરવાની આશા જ કંઈ રીતે રાખી શકાય? જળ અધિકાર યાત્રા કાઢીને કોંગ્રેસમાં પ્રાણ ફૂંકવાની કોશિશ કરી ચૂકેલા વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલા એમના સ્વભાવ પ્રમાણે છેલ્લી ઘડી સુધી મહેનત કરશે પણ પરિણામ તો મળે ત્યારે મળ્યું ગણાય. કેન્દ્ર સરકાર સામે આંતરે દિવસે નવા પડકાર ઊભા થતા રહે છે. ખુદ વડાપ્રધાનની વિશ્વસનીયતા સામે પ્રશ્નાર્થ સરજાતો હોય ત્યાં બીજોની તો વાત જ કયાં રહે? સોનિયા ગાંધીનાં રાજકીય સલાહકાર અહમદ પટેલ ગુજરાત કોંગ્રેસના સર્વોચ્ચ નેતા ગણાય છે પણ ગુજરાતમાં એમનો કોઈ નોંધપાત્ર પ્રભાવ કયારેક ઊભો થયો નથી. ૧૦, જનપથ સાથેનાં મીઠા સંબંધોથી ગુજરાતના મતદારોને રીઝવી શકાતા નથી, તે કડવી હકીકત શંકરસિંહ વાઘેલા જેવા રીઢા રાજકારણી તો સમજે, પણ એથી કોંગ્રેસ નામનો માંદો પડી ગયેલો 'સુલેમાન' થોડો સુધરશે?

# નીટની પરીક્ષામાં ફિઝીક્સનું પેપર તર્કબેઈઝ : સમય ખૂટ્યો

## સમગ્ર બુકનો અભ્યાસ કર્યો હોય તેવા વિદ્યાર્થીઓ કેમેસ્ટ્રી - બાયોલોજીમાં ફાવી ગયા

ગાંધીનગર, તા.૫

મેડીકલમાં પ્રવેશને અનુલક્ષીના વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે આજે નીટની પરીક્ષા યોજવામાં આવી હતી. પરીક્ષામાં ભૌતિક વિજ્ઞાનનું પ્રશ્નપત્ર ગણતરીની દૃષ્ટિએ અઘરૂ પુરવાર થયું હતું. તર્કબેઈઝ પ્રશ્નોએ વિદ્યાર્થીઓને મુંઝવી દીધા હતા જ્યારે બાયોલોજી અને કેમેસ્ટ્રીનું પેપર પણ થીમબેઈઝ હોવાથી ગોખણિયા જ્ઞાનના બદલે જે વિદ્યાર્થીઓએ બુકના પ્રત્યેક પેજીસનો અભ્યાસ કર્યો હોય તેમને આ પ્રશ્નપત્રો સરળ લાગ્યા હતા.

તબીબી ક્ષેત્રે આગળ અભ્યાસમાં જોડાવા માંગતા વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે આજે નીટની પરીક્ષા યોજવામાં આવી હતી. વિષય તજજ્ઞોના મત મુજબ નીટમાં ફીઝીક્સ, કેમેસ્ટ્રી અને બાયોલોજીના પ્રશ્નપત્રો તર્કબેઈઝ અને થીમબેઈઝ હોવાનું સ્પષ્ટ થયું છે. ડૉ. પ્રદિપ ગગલાણીએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, ફીઝીક્સ વિષયનું પ્રશ્નપત્ર વિદ્યાર્થીઓને અઘરૂ લાગ્યું હતું. ગણતરી અઘરી હોવાથી પેપર સમયસર પુરુ કરવું મુશ્કેલ બન્યું હતું. જ્યારે તર્કબેઈઝ પ્રશ્નોએ પ્રથમ દૃષ્ટિએ વિદ્યાર્થીઓને લાગે તે જવાબ આખરમાં જુદો જ હોય તેવો અહેવાલ પણ મળ્યો હતો. ૧૮૦ મિનિટના સમયમાં વિદ્યાર્થીઓને ત્રણે વિષયના પ્રશ્નપત્રમાં ૧૮૦ પ્રશ્નોના જવાબ લખવાના હતા.

ભૌતિકશાસ્ત્ર સિવાય રસાયણશાસ્ત્ર અને જીવવિજ્ઞાનનું પેપર પ્રમાણમાં સરળ હતું. આ બંને વિષયના પેપરમાં પૂછાયેલા પ્રશ્નો થીમબેઈઝ હોવાથી જે વિદ્યાર્થીઓએ પુસ્તકિયા જ્ઞાન સિવાય સમગ્ર પ્રશ્નનો યોગ્ય અભ્યાસ કર્યો હોય તેવા વિદ્યાર્થીઓને કોઈ વાંધો આવે તેમ ન હતો. બુક બેઈઝ અભ્યાસ કર્યો હોય તેવા વિદ્યાર્થીઓ માટે આ પ્રશ્નપત્રો સરળ રહ્યા હતા.

### નીટની પરીક્ષાના ગુણ માન્ય રહેશે કે કેમ ?

વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓને મેડીકલક્ષેત્રે પ્રવેશ અપાવતી નીટની પરીક્ષાના ગુણ માન્ય ગણવા કે નહીં તે અંગેનો મામલો સુપ્રીમ કોર્ટ સુધી પહોંચ્યો છે - વિદ્યાર્થીઓને પણ આ પરીક્ષાના ગુણ ગણાશે કે નહીં ? તેવી અસમંજસભરી સ્થિતિ અને કસોટી પાર કરી છે. બીજી તરફ ગુજસેટની પરીક્ષાના માર્કસ પછી ગણાળે કે કેમ તે બાબતે પણ હજુ પ્રશ્નાર્થ મંડરાયેલો છે. ધો.૧૨ પછી વિદ્યાર્થીઓને કારકિર્દીને લગતો મહત્વનો નિર્ણય શું લેવાશે તે તરફ પણ સૌ કોઈની મીટ મંડરાઈ છે.

### વાવોલ ખાતે યોગ શિબિર યોજાશે

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર સ્થિત પ્રેરણા વ્યાયામ શાળા દ્વારા યોગાસન શિબિરનું આયોજન તા. ૬ થી ૧૫ મે દરમ્યાન સવારે ૬.૦૦ વાગ્યાથી ૭.૩૦ સુધી કોમન પ્લોટ શાલીન પાર્ક-૨ સોસાયટી, ક-રોડ વાવોલ ખાતે શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિરમાં તમામ ભાઈઓ-બહેનો, વિદ્યાથીઓને વિના મૂલ્યે યોગ આચાર્ય હસમુખભાઈ પટેલ દ્વારા પ્રાણાયમ, યોગાસનોનું શિક્ષણ આપવામાં આવશે. આ શિબિરમાં ભાગ લેવા ઈચ્છતા લોકોએ પોતાની શેતરંજી સાથે લઈને આવવાનું રહેશે. તેમ સંસ્થાના પ્રમુખ પ્રદિપસિંહ બિહોલાએ જણાવ્યું હતું.

### મા-દીકરીની અનોખી સિદ્ધિ



હેન્ડબોલની રમતમાં શ્રેષ્ઠ દેખાવ કરનાર ગાંધીનગરની મા-દીકરી શ્રીમતી મહેશ્વરી શશીમોહન ધુમલ અને કુ. કૃતિકા શશીમોહન ધુમલને તેમની સિદ્ધિઓ બદલ રાજ્ય સરકારે બિરદાવ્યા છે. રમતગમત અને યુવક સેવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા તાજેતરમાં યોજાયેલા એક કાર્યક્રમમાં શ્રીમતી મહેશ્વરી ધુમલે અને કુ. કૃતિકાને જયદિપસિંગ એવોર્ડથી નવાજવામાં આવ્યા છે.

### બા શ્રી વંસતકુંવરબા કન્યા શાળાનું પરિણામ

| | | |
|---|---|---|
| જુ. કે. જી. | | |
| ૧ | વાઘેલા પ્રિયાંશીબા મહેન્દ્ર સિંહ | ૯૮ |
| ૨ | ઝાલા દિશાબેન યશપાલસિંહ | ૯૬ |
| ૩ | પઠાણ મહંમદભસ્મી ઈ. | ૯૧.૨૫ |
| સિ.કે.જી | | |
| ૧ | વાઘેલા આયુષીબા ભૂપેન્દ્રસિંહ | ૯૭ |
| ૨ | પ્રજાપતિ સૃષ્ટિબેન રાજેશભાઈ | ૯૬.૨૫ |
| ૩ | ચોચા ખુશીબેન મનુભાઈ | ૯૫.૫૦ |
| ધોરણ-૧ | | |
| ૧ | વર્મા કૃણાલ માયારામ | ૯૫.૩૩ |
| ૨ | ચૌહાણ હેતલ ગોપાલસિંહ | ૯૪.૧૬ |
| ૩ | મીર હિરલ ભનુભાઈ | ૯૪.૧૬ |
| ધોરણ-૨ | | |
| ૧ | મોદી અનુરાધાબેન દિલીપભાઈ | ૯૬.૫૦ |
| ૨ | પટેલ પૂજા સંજયકુમાર | ૯૪ |
| ૩ | મસ્કે જય રવિન્દ્રભાઈ | ૯૩.૫૦ |
| ધોરણ-૩ | | |
| ૧ | કુરેશી અલીઝા અનીશભાઈ | ૯૧.૮૭ |
| ૨ | ચૌહાણ પ્રશાંતકુમાર પી. | ૯૧.૬૨ |
| ૩ | ચોચા ભૂમિ એમ. | ૮૬ |
| ધોરણ-૪ | | |
| ૧ | ભરવાડ હિતેશ એલ. | ૯૨.૬૦ |
| ૨ | પરમાર પાર્થ મુકેશચંદ્ર | ૯૨ |
| ૩ | બિહોલા કોમલબેન એસ. | ૯૧.૯૦ |
| ધોરણ-૫ | | |
| ૧ | પ્રજાપતિ ક્રિશ્ના પી. | ૯૦.૨૫ |
| ૨ | અન્સારી આયાસાબેગમ એસ. | ૯૦ |
| ૩ | પ્રજાપતિ શ્રેયા ભરતકુમાર | ૮૯.૮ |
| ધોરણ-૬ | | |
| ૧ | પટેલ મહાવીરસિંહ કનુજી | ૯૩.૨૧ |
| ૨ | બિહોલા વનરાજસિંહ પી. | ૯૨.૩૫ |
| ૩ | શૈયદ અહમદઅલી એસ. | ૮૫.૯૨ |
| ધોરણ-૭ | | |
| ૧ | મકવાણા સંધ્યા દિલીપસિંહ | ૯૨.૭૯ |
| ૨ | અસારી અજય કનુભાઈ | ૮૯.૩૬ |
| ૩ | સિતાપરા વૈભવ દિલીપભાઈ | ૮૯ |
| ધોરણ-૮ | | |
| ૧ | સુથાર ભૂમિ મફતલાલ | ૯૩.૫૭ |
| ૨ | શૈયદ મોહમ્મદઅલી એસ | ૮૯.૮૫ |
| ૩ | દેસાઈ ધાર્મિક મોહનભાઈ | ૮૮.૮૫ |
| ધોરણ -૯-એ | | |
| ૧ | મકવાણા સેજલ વિનુસિંહ | ૭૯.૨૮ |
| ૨ | વાઘેલા જીનલ જીતેન્દ્રસિંહ | ૭૬.૧૪ |
| ૩ | અલખિયા ઉત્સવ મનુભાઈ | ૭૩.૨૮ |
| ૪ | અસારી રીચા દિવાનભાઈ | ૭૩ |
| ૫ | વાઘેલા કૃષ્ણકુમારસિંહ આર. | ૭૧.૧૪ |
| ધોરણ-૯-બી | | |
| ૧ | ગઢવી ભાવિની અતુલદાન | ૭૭.૭૧ |
| ૨ | કોરી શેફાલી ઓમપ્રકાશ | ૭૭.૭૧ |
| ૩ | હડીયોલ નિકિતા મનુજી | ૭૫.૫૭ |
| ૪ | ચાવડા ભૂમિકાબા ડી. | ૭૩.૪૧ |
| ૫ | ખાંટ પ્રતિક્ષા બાબુભાઈ | ૭૨.૧૪ |
| ધોરણ-૧૧-એ | | |
| ૧ | પટેલ મિત્તલ એન. | ૭૮.૧૧ |
| ૨ | રાઠોડ આશા જી. | ૭૬.૧૧ |
| ૩ | પટેલ હિરલ બી. | ૭૨.૪૪ |
| ૪ | પટેલ કોમલ બી. | ૭૧.૬૭ |
| ૫ | ગોહેલ પલક જે. | ૭૦.૬૭ |
| ધોરણ-૧૧-બી | | |
| ૧ | પ્રજાપતિ આરતી જી. | ૬૭.૭૭ |
| ૨ | બિહોલા કોમલ પી. | ૬૪.૬૬ |
| ૩ | કટારા વૈશાલી એસ. | ૬૪.૬૬ |
| ૪ | પરમાર તૃપ્તિ આર. | ૬૪.૫૫ |
| ૫ | સોની એશા એન. | ૬૪.૪૪ |

# સુવર્ણકાળને કથીરકાળમાં ન ફેરવતા સુવર્ણકાળનો અચ્છો ઉપયોગ કરો અને તે કાળને સાચા અર્થમાં સુવર્ણકાળ બનાવી જાણો તો તમે સાચા વિદ્યાર્થી ઠરશો

હવે તો એમ થાય છે કે છાપાંઓ જ ન વાંચવાં, પરંતુ કેમ ચાલે છાપાંઓ જોયા વગર. કારણ કે તેમાં આખા દેશના તેમજ પરદેશના સમાચારો હોય છે પરંતુ મોટા ભાગે જે સમાચારો હોય છે તે અત્યાચારોના, બળાત્કારોના, અંધાધૂંધીના, લોહી વહાવવાના અને આતંકવાદીઓના આતંકના હોય છે. આવા સમાચારોને વાંચીને મનમાં ખૂબ દુઃખ અનુભવીએ પરંતુ ઉપાયા શો? આપણા હોથમાં કોઈ ઉપાય?

દિલ્હીમાં તાજેતરમાં સામૂહિક બળાત્કારની જે ઘટના બની એ પછી તો એમ લાગે છે કે આપણા યુવાનો કેટલી હદે અધોગતિમાં ગરકાવ છે. એ ઘટનાનો દેશ-પરદેશમાં ગંભીર પડઘો પડ્યો અને બળાત્કાર વિરોધી કાયદો ઘડવાની સરકારને ફરજ પડી. પરંતુ કાયદા તો કડક પહેલેથી જ છે. કાયદાનો અમલ પણ થાય છે. અલબત્ત નૈતિકતા મરી પરવારી છે.

મને યાદ આવે છે હું એક વખત અમદાવાદ શારદા મંદિરમાં ભણતી હતી. સમય હતો લગભગ ઈ.સ. ૧૯૨૮ કે ૧૯૨૯નો. તે વખતે જૂનું શારદા મંદિર અને તેનું મોટું પ્રાંગણ જ અમારૂં નિવાસ સ્થાન અને શાળા હતાં. તેમ જ આંગણામાં ઉગેલાં ઘેઘૂર વૃક્ષો નીચે અમારા કલાસો ચાલતાં હતાં. તે વખતે મુ. ભોગીકાકા અને સવિતાબહેન મુખ્ય કાર્યકર્તાઓ હતા. તેમ જ શિક્ષકોમાં ચંદુભાઈ દવે. રવિભાઈ, કાંતિભાઈ સંગીતકાર મણિભાઈ અને સીવણ ભરતકામ શ્રીમતી હીરાબેન શીખવતાં હતા.

એક વખત ચંદુભાઈ જે યોગમાર્ગના અભ્યાસી હતા. તેઓએ અને ભોગીકાકાએ વિચાર્યુ કે આપણા શારદા મંદિરમાં રહીને ભણતી બહેનો તેમ જ બહારથી આવતી બહેનો માટે આપણે યોગાસનો શીખવાડવાના કલાસીસ વહેલી પ્રભાતમાં આયોજિત કરવા છે. આ વિચારને સૌએ ઉત્સાહથી વધાવી લીધો. યોગાસનો શીખવાનો સમય સવારના ૫.૩૦થી ૬.૩૦ નો રહેતો. પરંતુ ભાગ લેનાર વિદ્યાર્થીની બહેનોએ ૧૦ મિનિટ વહેલાં હાજર થઈ જવાનું હતું.

આમાં એક તકલીફ ઊભી થશે તેમ લાગ્યું. તે એ કે આટલા વહેલા પ્રભાતના પહોરમાં જયારે તે વખતે શહેર દૂર ગણાતા શારદા મંદિરમાં હાજર રહેવા માટે ઘેરથી તો પાંચ વાગ્યાના અંધારામાં નીકળવું પડે. તેનો ઉકેલ કેવી રીતે કરીશું? આ શારદામંદિરમાં માત્ર બહેનો જ ભણતી હતી. આયોજનની વિચારણાની મિટિંગમાં બહેનોનાં કુટુંબીજનો ઉપસ્થિત હતા. તેમાં વિદ્યાર્થીનીઓના કોલેજમાં ભણતા અને અન્ય યુવાન ભાઈઓ પણ હતા. તેઓએ આ ચેલેંજ માથે લઈ લીધી અને જણાવ્યું કે બહેનો જે રસ્તેથી શારદા મંદિર પહોંચે છે તે રસ્તે અમો દસ જુવાનોની ટુકડી અમારી સાઈકલો લઈને ફરતા રહીશું. જેથી સલામત રીતે નિર્ભય થઈને બહેનો આવી શકે. આ સૂચન સૌને ગમ્યું અને ૨૧ દિવસનો અમારો યોગસન શીખવાનો કેમ્પ પૂર્ણ થયો ત્યાં સુધી એક પણ એપ્રિય ઘટના નહોતી બની. કારણ કે પારકી દીકરીઓને રક્ષણ આપવા આ જુવાન ભાઈઓ સવારે પોતાની સાઈકલ લઈને કોઈપણ પ્રકારનો સામનો કરવાની તૈયારી સાથે નિયમિતપણે આવતા હતા.

આમાંથી આપણને શું ગમ્યું? આપણને ગમે તેવી વાત એ છે કે પારકા યુવાનો પારકી બહેનોના રક્ષણ માટે ૨૧ દિવસ સુધી સવારમાં વહેલા ઊઠીને, સીકલો ફેરવીને કોઈપણ રોમિયો કે ગુંડાઓને મારી હટાવી શકવા તૈયાર રહેતા હતા. જેની સુંદર અસર પડી હતી. આ યુવાનો ધન્યવાદને પાત્ર હતા. પેલી યુવતીઓને પોતાની બહેનો સમજીને અને તેઓનું રક્ષણ કરવાની પોતાની જવાબદારી સમજીને કેવા પવિત્ર વિચારથી તેઓ સાઈકલ લઈને આવતા હતા? શાબાશ છે એ લોકોના ચરિત્રને અને શુભવિચારોને ત્યારે અમદાદવાદમાં જ બનેલી એક વરવી ઘટના અંગે નજર નાંખીએ. સજલ જૈન નામના યુવાને કરેલું અધોગતિભર્યું કૃત્ય કેમ ભુલાય? જે એક સંસ્કારી ઘરની બ્રાહ્મણ કન્યાને પોતાની મિત્ર તરીકે હોટલમાં બોલાવે છે અને પહેલેથી બોલવી રાખેલા અને ચા. પાણી, નાસ્તામાં ભાગ લેવાના બહાને તેના બીજા ચાર મિત્રોને પણ હાજર રાખે છે. આ બધાએ આ બ્રાહ્મણ કન્યા ઉપર વારાફરતી સામૂહિક બળાત્કાર કર્યો અને એ ચૂંથાયેલી, પીસાયેલી કન્યા માંડ માંડ રોતી કકળતી ઘરે પહોંચી. એણે જે અપમાન અને શરમનો અનુભવકર્યો. જેને એ પોતાના મિત્ર ગણતી હતી તેના તરફથી આવું ઘોર ઘાતક, પોતાના સ્ત્રીત્વનું અપમાન અને ચારિત્ર્યખંડન તેનાથી સહન ન થયું એટલે એણે કૂવામાં પડીને આપઘાત કર્યો.

પરંતુ દિલ્હીમાં શું બન્યું? દિલ્હી તો દેશની રાજધાની છે અને ત્યાંની સલામતી જડબેસલાક હોય. પોલીસના નામ માત્રથી ગુંડા-મવાલીઓ થરથર ધ્રૂજવા જોઈએ પરંતુ જાણે બોડી બામણીનું ખેતર હોય એમ પોતાના સાથી પુરુષમિત્ર સાથે મેડિકલમાં અભ્યાસ કરતી યુવતી બસમાં જઈ રહી હતી ત્યારે નરાધમોએ તેને પિંખી નાખી ગેંગરેપ કર્યો અને રસ્તામાં ફેંકી દીધી. યુવતીના મિત્રને પણ જીવલેણ માર માર્યો અને યુવતી બિચારી મોતને ભેટી.

**બહેનો જાગોઃ તમારૂં રક્ષણ હવે તમે જ કરો**

**- પૂર્ણિમા પકવાસા**

અને અમદાવાદમાં કયાં પેલા સ્ત્રીઓને પોતાની બહેનો ગણીને રક્ષણ કરનારા નવજુવાનો અને ક્યાં અધઃપતનની ઊંડી ગતામાં ઉતરેલા જૈન યુવાનો? જૈન કહેતા પણ શરમ આવે તેવા જુવાનો! અરે ડૂબી મરો રે ડૂબી મરો જુવાનો તમે ડૂબી જ મરો. તમારી જુવાનીને વહેલી તકે ખતમ કરી આ રીતે ઘડપણમાં ફેરવી દેશો. શું જુવાનોએ માત્ર છોકરીઓની મશ્કરી કરવાનું. રેગિંગ કરવાનું કે કોઈપણ રીતે તેને ફસાવીને તેનું ચરિત્રભ્રષ્ટ કરવાનું કામ જ ઉપાડી લેવાનું છે કે શું? કયાં ગયા તમારા સંસ્કારો, કયાં છે તમારું ભણતર, ક્યાં છે તમારા સાચા વિચારો અને વાંચન? કે માત્ર ફિલ્મો જોઈને આજકાલની આવતી અભદ્ર ફિલ્મો જોઈને તે પંછે વિચરવાનું આહ્વાન જાણે તમે ઉપાડી લેતા હોય તેવું જણાય છે. કોલેજનો અભ્યાસ માત્ર કોલેજના કલાસમાં રહી જાય છે. જયારે કોલેજમાં ભણવા જતા યુવાનો પોતાના ભણતરના સમયે કોલેજની કેન્ટીનમાં ટોળટપ્પા મારીને આજે કઈ છોકરી સામે આંખો મીચકારી? કઈ છોકરીનો પીછો કરીને તેને અપશબ્દો સંભળાવીને તેને અડપલાં કર્યા? હવે કાલે કઈ છોકરીને અભડાવવાનો આપણે કિમીયો કરીશું? આવા બધા વિચારોની આપ લે તેમ જ યોજનાઓ ઘડાતી હોય છે. આમાં મોટાભાગે જો કોઈ જવાન કોલેજિયન સારો અને સાચો વિચાર પ્રગટ કરે કે આપણે આવું ન કરવું જોઈએ તો તેનું તો આવી જ બને. તેને વેદિયો ગણવામાં આવે. તેમ જ કેટલીક વાર તો આવા જુવાનને ઘેરી લઈને તોફાની રોમિયો જવાનો માર મારીને તેને પરેશાન કરતા હોય છે અને ભારતીય સંસ્કારોની મશ્કરી ઉડાવતા હોય છે.

આ આપણું આજનું યૌવનધન. મને કહેવાનું મન થાય છે કે હે જવાનો તમે તમારામાં પડેલ સારા અને સાચા સંસ્કારોને જગાડો. આ તો તમારું પોતાનું જ કામ છે. તમે જ ભારતનું ભવિષ્ય છો. હવે તમે જ દેશના વાતાવરણમાં બદલાવ લાવો. અમો તમારી વાટ જોઈને બેઠાં છીએ.

શ્રી ઝવેરચંદ મેઘાણીના કાવ્યની થોડી લીટીઓ યાદ આવે છેઃ

બહુ દિન ઘડી તે તલવાર
ઘડી કાંઈ તોપું ને મનવાર
પાંચ સાત શૂરાના જયકાર
કાજ કાંઈ ખેલાણાં સંહાર
હો એરણ બેની...

કવિ કહે છે કે, હવે તો એ સમય આવ્યો છે કે આવા બધા ખૂન વહાવનાર હિંસક અસ્ત્ર શસ્ત્રોને બનાવવા છોડીને હવે રૂડા રેટિંયાની ત્રાકો બનાવો. ખેતીનાં ઓજારો બનાવો અને એવાં એવાં કામોને અપનાવો કે જેથી સમાજમાં સુખનું વાતાવરણ પ્રવૃત્તમાન થાય. જુઓ દીકરાઓ, તમે આજદિન સુધીમાં બહેનો ઉપર બળાત્કાર કર્યા. એકથી સંતોષ નહીં તો અનેકને ફસાવ્યા. અને કાચી ઉમરની જુવાન છોકરીઓને માં બનાવી. શું કમાયા ભાઈઓ? આ ભૂખ એવી ભૂત જેવી છે કે તેનો સંતોષ કદાપી થઈ શકતો નથી અને એ પંથે જે અવિચારી જુવાન વળ્યો તેનો કયાંયે ઉદ્ધાર નથી. માટે આ બધું બહું થયું. આવી શેખી મારવાનું કામ, ચડસાચડસીમાં જુવાનો ચેલેંજ ફેંકીને કહેતા હોય છે અને બહાદુરીની બડાશ મારતા હોય છે કે મેં કેટલીને ફસાવી. મેં કેટલા બળાત્કારો કર્યા. આમાં કઈ બહાદુરી સમાયેલી છે તે કોઈ જપવાન સમજાવશે કે? આંધળાની માફક તું દોટ મૂકીને એ લપસણા માર્ગમાં આગળને આગળ લપસતો જ જશે અને પોતાના શૂરાતનની કથનીઓ તમારા જેવા અવિચારી અને ચરિત્ર ભ્રષ્ટ જુવાનો સામે કહીને એવા અનિષ્ટ ફેલાવતો હશે. હવે તો બહુ થયું. હવે કંઈક એવું વિચારો કે પેલા ઈ.સ. ૧૯૨૮ અને ૧૯૨૯ના અમદાવાદના બહાદૂર અને ચરિત્રશીલ જુવાનોને યાદ કરીએ. જેઓએ પોતાના સમાજની બહેનો, દીકરીઓને રક્ષા માટે ઉઘડતી પ્રભાતે સાઈકલો ફેરવી. તમે પણ આજ પ્રમાણે એવું વિચારી ન શકો? કે હવે અમારે આવા બધા પાપ કર્મોમાંથી છૂટીને કંઈક સારા અમારા પરિવારને, અમારા સંસ્કારોને અને અમારી યુવાનીને શોભે તેવાં કાર્યો કરવાં છે. તમને પોતાને બહુ ખુશાલી થશે આવાં કાર્યો કરવા અને સમાજનું ઋણ કંઈક અંશે ચૂકવવાનો આનંદ થશં. આ જ તમારા માટે ભલો અને કલ્યાણકારી માર્ગ છે. છોડો છોડો દીકરાઓ! ભાઈઓ! છોડો આવા અધઃપતનના માર્ગને અને બનો કલ્યાણના માર્ગના પ્રવાસીઓ, અભ્યાસ કરવો, સ્કૂલ, કોલેજમાં ભણવાનો સમય એ તો વિદ્યાર્થી માટે સુવર્ણકાળ ગણાય છે. એ સુવર્ણકાળને કથીરકાળમાં ન ફેરવતા સુવર્ણકાળનો અચ્છો ઉપયોગ કરો અને તે કાળને સાચા અર્થમાં સુવર્ણકાળ બનાવી જાણો તો તમે સાચા વિદ્યાર્થી ઠરશો. જે દ્વારા તમારું આત્મસમ્માન, આત્મવિશ્વાસ અને આત્મઉન્નતિ થશે અને તમારું વ્યક્તિત્વ અધિક આકર્ષક અને ઝળહળતું બની જશે.

**એક વત્સલ સૂચનઃ**

જેમ અમદાવાદના ઈ.સ. ૧૯૨૮ અને ૧૯૨૯ના શારદા મંદિરમાં 'યોગ કેમ્પ' માટે આવનારી વિદ્યાર્થીની બહેનોના રક્ષણ માટે વહેલી પ્રભામાં યુવાનો સાઈકલ ઉપર આંટાફેરા કરીને એ રસ્તાને નિર્ભય બનાવ્યો હતો તે જ રીતે આજની કૉલેજના તેજસ્વી જુવાનો કૉલેજોની બહાર ઊભા રહેતાં રોમિયોને પાઠ શીખવાડી શકે છે, કે આમ અમારી કૉલેજની વિદ્યાર્થીઓને તમે ચાળચસ્કા, આંખમોચોલી, અળવીતરા ચેનચાળા અને આવી બીજી અસભ્ય અને અસંસ્કારી હરકતોથી પરેશાન નહીં કરી શકો. એ વિદ્યાર્થીની બહેનો અમારી બહેનો છે, અમારી મિત્રો છે. અમારી કૉલેજ પરિવારની સદસ્યાઓ છે. તેઓનું રક્ષણ કરવાની અમારી ફરજ બની રહે છે. જો તમે અમારી આ વાતને ગણકારશો નહીં તો બે બે ધોલ મારીને તમને અહીંથી ભાગવાની ફરજ પાડીશું. અને તમે ભગાવીશું જ.

આજના જુવાનો કોલેજિયનો જો આ જાતને સાચા દિલથી પ્રયોગ કરે તો પોતાનામાં રહેલી પવિત્ર ભાવનાને ઉજાગર કરીને, સાથે સાથે પોતાનામાં રહેલી રોમિયોગીરીથી પણ મુક્ત થાય તો દરવાજે ઊભેલાં રોમિયોને જરૂર હટાવી શકે. કોલેજિયન દીકરાઓ અને દીકરીઓ, આ મારૂં પ્રેમભર્યુ વત્સલ સૂચન છે. જેથી તમે પોતે પણ ઉચ્ચ વિચારોના બળે તમારો પૂર્ણ સમય જે અભ્યાસ માટે તમે સારા છોકરાઓ છો. પણ ટી.વી., બલ્યુ ફિલ્મો તેમજ સિનેમાના વાતાવરણથી તમારા સાચા સંસ્કારોમાં દુર્બુધિ પેસી ગઈ હોય તેમ લાગે છે. તેને હકાલી દેતા કેટલી વાર? માત્ર તમારો દઢ સંકલ્પ કામને પાર પાડશે અને તમારૂં તેમ જ તમારા પરિવારનું નામ ઉજવળ કરશે.

દેશ અને સમાજમાં એક જબરજસ્ત ક્રાંતિનું નિર્માણ આ કૉલેજિયન જુવાનો દ્વારા થઈ શકે છે. દરેક કૉલેજિયન જુવાનો દ્વારા થઈ શકે છે. દરેક કૉલેજિયન યુવાન મહેસૂસ કરે કે પોતે પોતાની સાથે ભણતી બહેનોના સન્માનનો એક રક્ષક છે. આ વિચાર માત્રથી તેઓમાં હૃદય પરિવર્તનનો ઝબકાર જાગી ઉઠશે અને આ શુભ જુસ્સો દરેક કૉલેજમાં આગની જવાલાની જેમ ફેલાઈ જશે. પ્રારંભ થવો જોઈએ, જે થવામાં જ છે. આવી શહેરવ્યાપી, રાજયવ્યાપી અને દેશવ્યાપી ક્રાંતિના નિર્માતા કોલેજિયનો જ હોઈ શકે. તેમના દ્વારા જ આ શુભકાર્યનો સંકેત મળી રહ્યો છે. આજે રસ્તા પરના અને કૉલેજ પાસેના રોમિયો સામે 'એન્ટી રોમિયો સ્કવોટ' વિદ્યાર્થીઓ તેમજ વિદ્યાર્થીઓએ રચવી જોઈએ. ભણતી બહેનો પણ હવે તો તાલીમ લઈને પોતાનું રક્ષણ કરવા સક્ષમ બની રહી છે. તેઓ કરાટેની એક લાત મારીને રોમિયોને ભોંય ભેગો કરી શકે છે. જે માત્ર નામ ખાતર નહીં, પરંતુ ખરેખર આવા રોમિયોને તમારી કૉલેજ પાસેથી તો આ સ્કવોડ દ્વારા ભગાડી જ મૂકો. અને સમય આવે તેઓને બરાબર ખોખરા પણ કરી નાખો તો આખું વાતાવરણ નિર્ભય બની શકશે.

પરંતુ દિલ્હીની ઘટના બની એ જોતાં લાગે છે કે બહેનોએ હવે સ્વરક્ષણ માટે બીજાનો આધાર રાખવો વ્યર્થ છે. તમે સ્વરક્ષણની તાલીમ લો અને બદદાનત ધરાવતાં યુવાનોને ભોંયભેગો કરી દો. પોલીસ પછી આવશે પરંતુ બહેનો તમારે હવે કૌવત બતાવવાનો સમય આવી ગયો છે.

**નોંધ : ૧૦૦ વર્ષની ઉંમરના ગુજરાતી સ્વાતંત્ર્ય સેનાની પૂર્ણિમાબહેન પકવાસાનો રૂતંભરા શક્તિદલમાં પ્રસિદ્ધ થયેલ આ લેખ સૌને પ્રસ્તુત છે : તંત્રી**

સાભાર : ઋતુંભરા શક્તિ દલ